

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| રજિસ્ટર તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૦** | **૦૬** |

**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. નવમાં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.અમદાવાદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૭૨૫/૨૦૨૬**
**આંક :**

**અરજદારો :** **જનકસિંહ શેતાનસિંહ ચૌહાણ**

ઉ.વ.૨૫ વર્ષ, ધંધો–ખેતી, ધર્મે–હિન્દુ.

રહે. ગામ–નારોલી, તા. થરાદ,

જી–બનાસકાંઠા.

હાલ–(સેન્ટ્રલ જેલ સાબરમતી, અમદાવાદ)

**વિરૂદ્ધ**

**સામાવાળા :** **શ્રી સરકાર**

**બાબત :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

**અરજદાર/આરોપી તરફે : વિ.વકીલ શ્રી ડી.એમ.ચૌધરી**

**સામાવાળા તરફે : વિ. ડી.જી.પી.શ્રી પી.એમ.ત્રિવેદી**

# – : : ચુકાદો : : –

(૧) આ કામના અરજદાર/આરોપીએ વેજલપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૮૨૫૦૫૯૬/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબના ગુન્હાના કામે ચાર્જશીટ પછીની રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરતાં સામાવાળા તરફે વિ.ડી.જી.પી. શ્રી પી.એમ.ત્રિવેદી હાજર થયેલ છે અને તેઓ દ્બારા તપાસનીશ અધિકારીનું સોગંદનામું તથા તપાસના કાગળો રજૂ કરવામાં આવેલ છે.

(૩) અરજદારના વિધ્વાન વકીલશ્રી ધ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે અને કહેવાતા ગુન્હા વિશે કાંઈ જાણતા નથી અને સદર ગુન્હામાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે સંડોવાયેલા નથી અને તેમની વિરૂધ્ધ કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. વધુમાં રજૂઆત કરેલ છે કે, અરજદારે એક ટ્રસ્ટની સ્થાપના કરેલ ત્યાર બાદ સાગર જોશી તથા રણજીત જોશી નાઓ મળેલા અને અરજદારને જણાવેલ કે તમો સેવાનું કામ કરો છો તો તેઓ તમોને ડોનેશન લાવી આપશે જેથી ટ્રસ્ટ દ્રારા વધુ સેવા કરી શકાશે જેથી અરજદાર તેઓની વાત મા આવી જઈ સદર ખાતા ના નેટ બેન્કિંગ, આઈ.ડી. પાસવર્ડ લઈ ગયેલ ત્યાર બાદ તેઓના આઈ.ડી. પાસવર્ડ બદલી નાખેલ અને સદર એકાઉન્ટનો દુર ઉપયોગ કરેલ. અરજદારે તારીખ–૧૬/૦૬/૨૦૨૫ ના રોજ થરાદ પોલીસ સ્ટેશન સમક્ષ એક અરજી પણ કરેલ હતી જે રજૂ છે. અરજદાર અરજીમાં જણાવેલ સ્થળે કાયમી વસવાટ કરે છે તેમજ કયાંય નાસી ભાગી જાય તેમ નથી, કુટુંબ કબીલાવાળા છે અને પરિવારની જવાબદારી ધરાવે છે, સદર ગુન્હો મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ છે તેમજ સજાની જોગવાઈ જોવામાં આવે તો આજીવન કેદ કે મૃત્યુ દંડની જોગવાઈ નથી તેમજ ગુનાની તપાસ

પુર્ણ થઈ ગયેલ છે અને ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે, જેથી તપાસના કામે આરોપીની જરૂરીયાત નથી. વધુમાં નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે તેમ જણાવી અરજદારની હાલની અરજી મંજુર કરી અરજદારોને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી ત્રિવેદી ધ્વારા એફ.આઈ.આર. તથા તપાસનીશ અધિકારીના સોગંદનામાંની અને તપાસના કાગળોની વિગતે રજુઆત કરવામાં આવેલ છે કે આ કામે હાલના અરજદાર વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), તથા આઈ.ટી.એકટ–૬૬(ડી), જેવા ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. વધુમાં તેઓએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ આ કામે તેમનુ બેંક એકાઉન્ટ અન્ય આરોપીઓ સાથે મેળાપી પણામા ગુનાહીત કાવતરુ રચી તેમનું બેંક એકાઉન્ટ સાયબર ક્રાઈમ માટે પુરુ પાડેલ છે જેમા બેંક ખતામા **૭,૦૬,૯૭,૦૧૩/– (સાત કરોડ છ લાખ સતાણુ હજાર તેર રૂપિયા પુરા.)** નું ટ્રાંજેકશન ફ્રોડના પૈસાનું થયેલ. અને ફરિયાદીશ્રીને સ્ટોક માર્કેટમા નફો કમાવવાની લાલચ આપીને કુલ રૂપિયા **૪,૩૮,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ આડત્રીસ હજાર પુરા)** ની ઓનલાઈન ભરાવી નફાની રકમ આજદિન સુધી ફરિયાદીને પરત નહી આપી અરજદાર/આરોપીએ ઓનલાઈન વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુનો કરેલ છે તથા અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટશનમા ગુ.ર.નં .૧૧૧૯૧૦૬૭૨૫૦૧૦૫/૨૦૨૫ ધી બી.એન.એસ. કલમ–૩૧૬(૨), ૩૧ ૮(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ કલમ–૬૬(ડી) મુજબનો ગુનો દાખલ થયેલ હોય. જેથી અરજદાર/આરોપી આવા પ્રકારના ગુના કરવાની ટેવ વાળા હોય, તેથી જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની

ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખે તેવી સંભાવનાઓ છે. વધુમાં, રજુઆત કરેલ છે કે, તપાસના અંતે ચાર્જશીટ કરવામાં આવેલ છે, જેથી પણ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદારની હાલની જામીન અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજો તથા તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ થયેલ સોગંદનામું તથા તપાસના કાગળો વંચાણે લીધા. બંને પક્ષકારોની રજુઆતો સાંભળી.

(૬) વધુમાં આ તબક્કે નામ. ઉચ્ચ અદાલતનો **Ajwar and Others V/s. Waseem and Another, reported in 2024(5) JT 534**, wherein Hon'ble Apex Court has held in para-26 as under :-

> " *26. While considering as to whether bail ought to be granted in a matter involving a serious criminal offence, the Court must consider relevant factors like the nature of the accusations made against the accused, the manner in which the crime is alleged to have been committed, the gravity of the offence, the role attributed to the accused, the criminal antecedents of the accused, the probability of tampering of the witnesses and repeating the offence, if the accused are released on bail, the likelihood of the accused being unavailable in the event bail is granted, the possibility of obstructing the proceedings and evading the courts of justice and the overall desirability of releasing the accused on bail."*

(૭) આ કામે કેસના ગુણદોષમાં ઉતર્યા વિના જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાનમાં રાખવા પાત્ર કાનૂની સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામે ફરિયાદપક્ષની હકિકતોને ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે કે, અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી સંગઠિત થઈ ગુન્હાહિત કાવતરુ રચી ગેરકાયદેસર રીતે ફરિયાદીશ્રીને સ્ટોક માર્કેટમા નફો કમાવવાની લાલચ આપીને કુલ રૂપિયા

**૪,૩૮,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ આડત્રીસ હજાર પુરા)** ની ઓનલાઈન ભરાવી નફાની રકમ આજદિન સુધી ફરિયાદીને પરત નહી આપી અરજદાર/આરોપીએ ઓનલાઈન વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. તથા અરજદાર/આરોપીએ આ કામે તેમનુ બેંક એકાઉન્ટ અન્ય આરોપીઓ સાથે મેળાપી પણામા ગુનાહીત કાવતરુ રચી તેમનું બેંક એકાઉન્ટ સાયબર ક્રાઈમ માટે પુરુ પાડેલ છે જે બાબતના તપાસના કાગળો તથા એફિડેવિટ તે વંચાણે લેતા, હાલના આરોપીઓ વિરુધ્ધ આ જ પ્રકારનો એક અન્ય ગુનો અમદાવાદ શહેર, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હોવાનું જણાઈ આવે છે તેમજ વધુમાં, ત.ક.અમલદારશ્રીના સોગંદનામાના **કલોઝ ઈ (૧) ના પેરા -૨ માં હાલના આરોપીના બેંક ખાતામાં ટ્રાન્ઝેકશનથી ફ્રોડના પૈસાની લેતી દેતી થયેલ છે જેમાં આરોપીના બેંક ખાતામાં રૂપિયા ૭,૦૬,૯૭,૦૧૩/- (સાત કરોડ છ લાખ સતાણુ હજાર તેર રૂપિયા પુરા.)**નું ટ્રાંજેકશન ફ્રોડના પૈસાનું થયેલ હોવાનું જણાવેલ હોય, આ કામે હાલના આરોપીની સીધી સંડોવણી આ ગુન્હાના કામે હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.

(૮) આ કામે ત.ક.અ. અમલદારશ્રી દ્વારા તપાસના કાગળો અત્રેની અદાલત સમક્ષ અવલોકન અર્થે રજૂ કરેલ છે અને વિ. પી.પી.શ્રી એ રજૂઆત કરેલ છે કે **હાલના આરોપી વિરૂધ્ધ આ પ્રકારના ભારતના અલગ-અલગ રાજ્યો મા મળી કુલ ૧૦૫-ફરિયાદો આ પ્રકારની નોંધાયેલ છે.** જેની તપાસ હાલમા ચાલુ છે. આ સબંધે રજૂ થયેલ તપાસના કાગળોને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ **અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં અલગ-અલગ રાજ્યોમાં કુલ-૧૦૫ આ પ્રકારની ફરિયાદો નોંધાયેલ હોવાનું જણાય આવે છે.** જેમાં મહારાષ્ટ્રમા-૧૬, તમીલનાડુમા-૧૬, કર્ણાકટમા-૧૪ અને તેલંગણા, દિલ્લી, કેરેલા, ગુજરાત યુ.પી.વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે. આમ

જયારે હાલના આરોપી વિરૂધ્ધ અલગ–અલગ રાજયો મા મળી કુલ–૧૦૫ જેટલી ફરિયાદો સાયબર ક્રાઈમને લગતી નોંધાયેલાનું રેકર્ડ ઉપર જણાય આવતુ હોય અને હાલના આરોપીના એકાઉન્ટમાં રૂપિયા ૭–કરોડ કરતા વધુ રકમની ફ્રોડની રકમ ના ટ્રાન્ઝેકસન થયેલ હોય, આરોપી વિરુધ્ધ સ્ટ્રોંગ પ્રાઈમાફેસી કેસ છે.

(૯) વધુમાં, હાલનાં ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ રજુ થઈ ગયેલ છે. આ હકીકત સબંધે વિધ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે ચાર્જશીટ થઈ ગયેલ હોય અરજી મંજુર કરવી જોઈએ. આ સંબંધે અત્રેની અદાલતે નામ. સર્વોચ્ચ અદાલતનો **Virupakshappa Gouda V/s. State of Karnataka** 2017 (5) **SCC** 406 નાં ચુકાદો ઘ્યાને લીધેલ છે. જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **પેરા – ૧૩** માં એવું ઠરાવેલ છે કે :–

> "13. On a perusal of the order passed by the learned trial Judge, we find that he has been swayed by the factum that when a charge-sheet is filed it amounts to change of circumstance. Needless to say, filing of the charge-sheet does not in any manner lessen the allegations made by the prosecution. On the contrary, filing of the charge-sheet establishes that after due investigation the investigating agency, having found materials, has placed the charge-sheet for trial of the accused persons."

**(૧૦)** આ કામે જયારે સાયબર ફ્રોડ દ્રારા ખુબજ મોટી રકમ હાલના અરજદાર/આરોપીએ પ્રાપ્ત કરેલ હોય આ કામે જયારે આરોપી વિરૂધ્ધ ઈકોનોમીક ઓફેન્સ સબંધેનો કેસ હોય આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો **Y.S. JAGAN MOHAN REDDY VERSUS CENTRAL BUREAU OF INVESTIGATION 2013(0) AIR (SC) 1933** નો ચુકાદો ઘ્યાને લેતા તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલુ છે કે,

> "**15.** Economic offences constitute a class apart and need to be visited with a different approach in the matter of bail. The economic offence having deep rooted conspiracies and involving huge loss of public funds needs to be viewed seriously and considered as grave offences affecting the economy of the country as a whole and thereby posing serious threat to the financial health of the country."

(૧૧). વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **Central Bureau of Investigation v. Ramendu Chattopadhyay 2020(14) scc 396** ના ચુકાદામા એવુ ઠરાવેલ છે કે,

> "8. This Court is conscious of the need to view such economic offences having a deep-rooted conspiracy and involving a huge loss of investors' money seriously."

**(૧૨).** આમ તપાસના કાગળોને ધ્યાને લેતાં, આ કામે આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલ હોય કરોડો રૂપિયાનુ ફ્રોડનુ ટ્રાન્ઝેકસન હોવાનુ ફલિત થતુ હોય, હાલના ગુન્હાનો પ્રકાર, ગુન્હાની ગંભીરતા તેમજ આરોપીએ ગુન્હાના કામે ભજવેલ ભૂમિકા ધ્યાને લેતાં, અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારના ગુન્હાના આક્ષેપો હોય કાયદાથી મળતો વિવેકાધીન અધિકાર અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવો ન્યાયોચિત જણાતો ન હોય, હાલની અરજી અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી **જનકસિંહ શેતાનસિંહ ચૌહાણ નાઓ દ્રારા** વેજલપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૮૨૫૦૫૯૬/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨),૩૧૮(૪), તથા આઈ.ટી.એકટ-૬૬(ડી), મુજબના ગુન્હાના કામે કરેલ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયેની રેગ્યુલર

જામીન અરજી આથી **નામંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

હુકમ આજ **તા.૧૭ મી માહે માર્ચ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં

વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
SANJAYKUMAR CHHAGANBHAI MAKVANA
on 17/03/2026 17:49:09 IST.

**(સંજયકુમાર છગનભાઈ મકવાણા)**

**નવમાં એડીશનલ સેશન્સ જજ**

**અમદાવાદ (ગ્રામ્ય) અમદાવાદ.**

**જી.જે. ૦૦ ૯૨૦**

**તારીખ: ૧૭/૦૩/૨૦૨૬**

**અમદાવાદ.**

જી.એસ. મકવાણા